# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાથી અધધ... ૨૦૦૦ના મોત

**છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૧૧,૦૯૦ કેસ નોંધાયા : કુલ કેસ ૩.૫૫ લાખને પાર : મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં સૌથી વધુ ૧૪૦૦ લોકોના મોતથી લોકોમાં ફફડાટ : દેશનો કુલ મૃત્યુઆંક ૧૨ હજારની નજીક, કોરોના સંક્રમિત દર્દીઓનો રિકવરી રેટ વધીને ૫૨.૪૭% થયો : સ્વાસ્થ્ય મંત્રાલય**

ન્યુ દિલ્હી,તા.૧૭

વૈશ્વિક મહામારી કોરોનાને રોકવા સરકારના ભરસક પ્રયાસો તેમ છતાં અનલોક-૧માં કેસો સતત વધી રહ્યાં હોય તેમ મંગળવારે સતત સાતમાં દિવસે ૧૧ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હતા. આજે બુધવારે સવારે પૂરા થયેલા ગત ૨૪ કલાક દરમ્યાન ૧૧૦૯૦ દર્દીઓ વધવાની સાથે આ જ સમયગાળામાં એક સાથે અધધ.. ૨,૦૦૪ જેટલા મોત નોંધાતા દેશમાં મૃત્યુઆંક વધીને ૧૧,૯૨૧ થયો હતો. મહારાષ્ટ્રમાં એક જ દિવસે ૧,૪૦૦ જેટલા લોકોના મોતથી અરેરાટી ફેલાઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં મોતનો આંક પણ ૫,૫૦૦નો આંક વટાવી ગયો છે. બુધવારે જાહેર થયેલા આંકડાઓએ સૌને ચોંકાવી દીધા હતા. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો અને સૌથી વધુ મૃત્યઆંક નોંધાયા હતા. તો બીજી તરફ સુપ્રીમ કોર્ટે એક રીટની સુનાવણી વખતે કેન્દ્ર સરકારને આદેશ આપતાં કહ્યું કે, કોરોના સારવારમાં લાગેલા કોરોના વોરિયર્સ એવા ડોક્ટર્સ અને હેલ્થ વર્કર્સની સેલેરી આપવા માટે કેન્દ્ર સરકાર સંબંધિત રાજ્યને ફરજ પાડે.

દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા હવે વધીને ૩ લાખ ૫૪ હજાર ૧૬૧ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ હજાર ૦૯૦ દર્દી વધી ગયા છે. મંગળવારે સતત સાતમા દિવસે ૧૦ હજારથી વધુ સંક્રમિતો મળ્યા હતા. દેશમાં મંગળવારે મોતનો આંકડો પણ ૧૧ હજાર ૯૨૧ પર પહોંચી ગયો છે. જેમાં ગઈ કાલે મંગળવારે ૨,૦૦૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. દેશમાં હાલમાં ૧ લાખ ૫૫ હજાર ૨૨૭ સારવાર હેઠળના કેસ છે. તેની સાથે ૧ લાખ ૮૬ હજાર ૯૩૫ લોકો સાજા પણ થયા છે.



તો બીજી બાજુ દિલ્હીમાં એક દિવસમાં સૌથી વધારે ૯૩ લોકોના મોત થયા છે. સાથે જ ગત દિવસોમાં થયેલા મોતની પણ ડેથ કમિટિએ કોરોનાથી મોત થયાની પુષ્ટી કરી છે.રાજધાનીમાં કુલ મોતનો આંકડો ૧૮૩૭એ પહોંચ્યો છે. દિલ્હી, ગુજરાતને પાછળ છોડીને દેશમાં સંક્રમિતોના મામલામાં ત્રીજા નંબરે પહોંચી ગયું છે. મહારાષ્ટ્રમાં મૃત્યુ દર વધીને ૩.૩૫% થઈ ગયો છે.

દરમ્યાનમાં, સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્રને કહ્યું કે, તે રાજ્યોને કોરોના દર્દીઓની સારવાર કરી રહેલા ડોક્ટર્સ અને હેલ્થ વર્કર્સને તેમનો પગાર આપવા માટેનો આદેશ આપવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે, કેન્દ્ર ડોક્ટર્સના પગારની ચુકવણી માટેનો રિપોર્ટ ચાર સપ્તાહની અંદર બનાવે. કોર્ટે ચેતવણી પણ આપી કે જો આવું નહીં કરવામાં આવે તો તેને ગંભીરતાથી લેવામાં આવશે. ડોક્ટર્સ અને હેલ્થકેર વર્કર્સ કોરોના ક્વૉરન્ટીન સેન્ટરમાં દર્દીઓની સારવાર કરવા માટે ક્યારેય ના પાડતા નથી.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, દેશમાં કોરોના વાયરસથી એક જ દિવસમાં ૨,૦૦૩ લોકોના મોત થયા છે જ્યારે ૧૦,૯૭૪ નવા કેસ નોંધાયા છે. દર્દીઓની કુલ સંખ્યા વધીને ૩,૫૪,૦૬૫ થઈ ગઈ છે. જેમાંથી ૧,૫૫,૨૨૭ એક્ટિવ કેસ છે અને ૧,૮૬,૯૩૫ લોકો સાજા થઈ ગયા છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૮૩૨૧૭૯૧ | ૪૪૭૬૫૫ | ૪૩૧૦૯૫૮ |
| ભારત | ૩૬૦૩૧૪ | ૧૨૦૫૭ | ૧૯૧૨૫૭ |
| ગુજરાત | ૨૫૧૪૮ | ૧૫૬૧ | ૧૭૪૩૮ |
| ગાંધીનગર | ૫૪૧ | ૨૭ | ૩૧૯ |

## આમ આદમી પાર્ટીના નેતા આતિશીને કોરોના પોઝિટિવ

**પાટનગરના સત્તાધારી પક્ષના નેતાને પણ કોરોના : આતિશી રિપોર્ટ પોઝિટિવ આવતા હોમ-ક્વોરેન્ટાઈન થયા**

નવી દિલ્હી, તા. ૧૭

આમ આદમી પાર્ટીના કાલકાજી વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય આતિશીનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આતિશીએ જણાવ્યું કે ૧૬ જૂને તેમને શરદી-ખાંસીના લક્ષણ જોવા મળ્યા બાદ કોરોના વાયરસની બીમારીનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ આજે ૧૭મી જૂને આવી છે, જે પોઝિટિવ છે. હાલ આતિશીને કોરોના વાયરસની બીમારીના હળવા લક્ષણ છે અને તેમણે ખુદને પોતાના ઘરમાં ક્વોરેન્ટાઈન કર્યા છે. અહીંયા એ પણ નોંધવું રહ્યું કે, આતિશી કોરોના કેસોને લઈને હેલ્થ ડિપાર્ટમેન્ટમાં કામ કરતી હતી. ૧૧મી જૂને હેલ્થ ડિપાર્ટમેન્ટના એક અધિકારીને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. ત્યારબાદ ૧૧ જૂને જ આતિશીને ખુદને હોમ ક્વોરેન્ટાઈન કરી લીધા હતા. આતિશી મર્લીના સિવાય અક્ષય મરાઠેની રિપોર્ટ કોરોના પોઝિટિવ આવી છે. ધારાસભ્ય આતિશી સિવાય દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો કોરોના વાયરસનો રિપોર્ટ કરાવ્યા હતા, આ બંને નેતાઓના રિપોર્ટ પણ નેગેટિવ આવ્યા હતા. જોકે, આરોગ્ય મંત્રીએ ફરી કોરોના વાયરસનો રિપોર્ટ કરાવ્યો છે, જે અંગે આવતીકાલે ખબર પડશે.

## છેલ્લે... છેલ્લે...

- દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને મોડીસાંજે કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવ્યો.
- અમદાવાદ મહાનગર પાલિકાના વધુ એક કોર્પોરેટર કોરોનાની ઝપટમાં. વેજલપુરના કોર્પોરેટર દિલિપ બગરીયાનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા એસવીપીમાં દાખલ કરાયા.
- મંત્રી કિશોરભાઈ પટેલ માસ્ક પહેર્યા વિના કેબીનેટમાં ગયા હતા. માસ્ક નહી પહેરવા બદલ ૨૦૦ રૂ. નો દંડ મનપામાં ભર્યો.
- શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના પીએ ડી.જી. મહેતાનો રીપોર્ટ નેગેટીવ આવતા સમગ્ર કાર્યાલયમાં રાહત.
- આંધ્રપ્રદેશમાં માર્ગ અકસ્માતમાં દસ મુસાફરોના કરૂણ મોત.
- કર્ણાટક સરકારે કોરોના કેર સેન્ટરમાં વીસ હજાર બેડ તૈયાર કર્યા.
- મધ્યપ્રદેશના રાજ્યપાલ લાલજી ટંડનની સ્થિતિ ગંભીર છતાં નિયંત્રણ હેઠળ.
- એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૫૭૧૪ કરોડની લોન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે મંજૂર કરવામાં આવી.
- પેટ્રોલમાં વધુ ૫૫ પૈસા અને ડિઝલમાં વધુ ૬૦ પૈસાનો વધારો સતત અગિયારમાં દિવસે કરાયો. આમ અગિયાર દિવસમાં ૬ રૂ.નો ભાવ વધારો ગ્રાહકો પર ઝીંકાયો.

## બેઈજિંગમાં કોરોનાના નવા ૩૧ કેસ સામે આવ્યા

**ચીનમાં કોરોનાનો બીજો ઉથલો બેજિંગથી ૧૨૫૫ ફ્લાઈટ રદ : રાજધાનીમાં એક સાથે ૯૦,૦૦૦ લોકોના ટેસ્ટ કરવાની કાર્યવાહી શરૂ**

બેઈજિંગ, તા. ૧૭

ચીનની રાજધાની બેઈજિંગમાં કોરોના વાયરસના



ચેપના નવા ૩૧ કેસ સામે આવ્યા છે, આ સાથે કુલ કેસોની સંખ્યા વધીને ૧૩૭ થઈ ગઈ છે. આ બાબતને ગંભીરતાથી લઈને ચીની સરકારે એક હજારથી વધુ ફ્લાઈટો અને ટ્રેનો રદ કરી દીધી છે. આ ઉપરાંત ૯૦૦૦૦ લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. સત્તાવાર મીડિયાએ જણાવ્યું કે, બેઈજિંગમાં બે એરપોર્ટે ૧૨૫૫ સ્થાનિક ઉડાણો રદ કરી છે. બેઈજિંગમાં તમામ આંતરરાષ્ટ્રીય ઉડાણ હાલ સ્થગિત છે. રાષ્ટ્રીય રેલવે મેનેજમેન્ટે આ યાત્રીઓને વગર કોઈ વધારી ચાર્જ લીધા વગર ટિકિટના પૈસા પરત કરવાની જાહેરાત કરી છે, જેમણે મંગળવાર સુધી બેઈજિંગ આવવા-જવાની ટિકિટ ખરીદી છે. મીડિયા અહેવાલ મુજબ બેઈજિંગમાં બુધવારથી પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓના ઓનલાઈન શિક્ષણનો આરંભ થશે. તેમજ કોરોના વાયરસની બીમારીના પ્રકોપના કારણે કોલેજના વિદ્યાર્થીઓ માટે હાલ કેમ્પસ બંધ છે. બેઈજિંગમાં લાયબ્રેરી, મ્યુઝિમયો અને બગીચામાં તેમની ક્ષમતાથી ૩૦ ટકાથી વધુ લોકોને પ્રવેશ નહીં આપવા આદેશ આપવામાં આવ્યા છે. બેઈજિંગે આ સંકટની સ્થિતિને પહોંચી વળવા માટે કાર્યવાહી ઝડપી બનાવી છે અને તેને સ્તરથી ત્રણને બદલે બે સ્તરની કરી દીધી છે. બેઈજિંગ છેલ્લા ૬ દિવસમાં શિનફાદી જથ્થાબંધ માર્કેટ ગયેલા ૯૦૦૦૦ લોકોના ટેસ્ટ કરવા અભિયાન હાધ થર્યું છે. શહેરના એક વરિષ્ઠ અધિકારીએ સાવચેત કરતા કહ્યું કે, કોરોના વાયરસ મહામારીની વ્યાપક અને ખૂબ ગંભીર છે. ચીનના રાષ્ટ્રીય સ્વાસથ્ય આયોગે બુધવારે કહ્યું કે ચીનમાં મંગળવારે કોરોના વાયરસના ચેપના નવા ૫૫ કેસ સામે આવ્યા, જેમાં ૧૧ લોકોમાં કોરોના લક્ષણ જોવા મળ્યા નથી. આ જે નવા કેસો નોંધાયા છે, એમાં બેઈજિંગમાં ૩૧, હુબેઈમાં એક અને ઝોંજિયાંગમાં પણ કેસ નોંધાયા છે. જોકે, કોરોનાથી નવા કોઈ વ્યક્તિનું મોત થયું નથી. ચીનમાં મંગળવાર સુધીમાં ૮૩૨૬૫ કેસ નોંધાયા છે, જે પૈકી ૨૫૨ દર્દીઓની સારવાર ચાલી રહી છે અને સાતની હાલત ખૂબ ગંભીર છે.

## ભારત અને ચીન સંયમ રાખે : સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ

વોશિંગ્ટન/યુએન,તા.૧૭

ભારત અને ચીન વચ્ચે



લદ્દાખના પૂર્વ હિસ્સામાં ગલવાલ ખીણ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ૧૫મે ની મોડી રાત્રે હિંસક અથડામણ થઈ હતી. જેમાં ભારતના ૨૦ સૈનિકો શહિદ થયા હતા. જેને પગલે, ભારત ચીન સરહદ પાર તણાવની સ્થિતિ વચ્ચે આંતરાષ્ટ્રીય સમુદાયમાં ચિંતા પ્રસરી છે.

પૂર્વી લદ્દાખની ગલવાન ઘાટીમાં ભારત અને ચીન વચ્ચે થયેલી હિંસક ઝડપે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં પણ હલચલ મચાવી દીધી છે. સંયુક્ત રાષ્ટ્રએ ભારત અને ચીન વચ્ચે એલએસી પર થયેલી હિંસા અને મોત મામલે ચિંતા વ્યક્ત કરી છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે બંને દેશોને વધુમાં વધુ સંયમ જાળવી રાખવાની અપીલ કરી છે.

### બંન્ને દેશ શાંતિપૂર્ણ સમાધાન કરેઃ અમેરિકા

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવના પ્રવક્તાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે ભારત અને ચીન વચ્ચે એલએસી પર હિંસા અને મોત મામલે અમે ચિંતા વ્યક્ત કરીએ છીએ અને બંને પક્ષોને સંયમ જાળવી રાખવાની સલાહ આપીએ છીએ. અમેરિકાના ગૃહ વિભાગે હિંસામાં શહીદ થયેલા ભારતના જવાનોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

અમેરિકાએ જણાવ્યું કે ભારત અને ચીન બંનેએ પાછળ હટવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને અમે હાલની સ્થિતિમાં શાંતિપૂર્ણ સમાધાનનું સમર્થન કરીએ છીએ. ૨ જૂનના રોજ રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીતમાં બંને દેશોએ ભારત અને ચીનની સરહદ પરની સ્થિતિ મુદ્દે ચર્ચા કરી હતી. અમે એલએસી પર ભારત અને ચીનના સૈન્યની સ્થિતિને મોનિટર કરી રહ્યા છીએ.

## સરહદે સૈન્ય સજ્જ, એરફોર્સ-નૌકાદળ હાઈએલર્ટ

**સરહદે સંઘર્ષ બાદ ભારત-ચીન વચ્ચે ટેન્શન ચરમસીમાએ : હિમાચલ, ઉત્તરાખંડ, અરૂણાચલમાં સૈન્ય તૈયાર : ઉત્તર - પશ્ચિમ - પૂર્વ ભારતના દરેક એરબેઝને કટોકટી માટે તૈયાર રહેવાના આદેશો**

લદ્દાખ,તા.૧૭

લદ્દાખના ગલવાની ખીણમાં ચીનની દગાખોરી બાદ ભારત-ચીન સરહદની તમામ પોસ્ટ પર હાઈ એલર્ટ જારી કરી દેવાયુ છે. ચીનથી અડેલી ભારતની સરહદોવાળા રાજ્ય જેવા કે ઉત્તરાખંડ, હિમાચલ, અરૂણાચલ પ્રદેશ અને લદ્દાખમાં આઈટીબીપીની તમામ ચોકીઓ પર એલર્ટ જાહેર કરી દેવાયુ છે.

સૂત્રો અનુસાર, આઈટીબીપીના જવાનોએ ચીનની હરકત પર નજર રાખવા માટે કેટલાક સ્થળો પર એલઆરપી અને એસઆરપીની સંખ્યા વધારી દેવાઈ છે. સરહદ પર ચીનની દરેક હરકત પર નજર રાખવામાં આવી રહી છે. ભારત ચીન સરહદ પર નજર રાખવાની જવાબદારી આઈટીબીપી પર છે. ગલવાનમાં ચીનની ચાલાકી અને દગાખોરીમાં ભારતના ૨૦ જવાન શહીદ થઈ ગયા છે. જે બાદ ઉત્તરાખંડ, હિમાચલ, અરૂણાચલ અને લદ્દાખમાં ભારત-ચીન સરહદ પર બનેલા તમામ ૧૮૦થી વધારે બોર્ડર આઉટપોસ્ટને એલર્ટ કરી દેવાયા છે. તાજેતરમાં આઈટીબીપીએ લદ્દાખમાં બોર્ડર પોસ્ટ પર ૧૫૦૦ વધારે જવાનોની તૈનાતી કરી હતી.

તિબેટથી હિમાચલ પ્રદેશના કિન્નોર અને લાહોલ-સ્પીતિ નજીક સુરક્ષા માટે મહત્વના પગલા લેતા એલર્ટ જારી કરી દેવાયુ છે.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલુ

પ્રભુ! મારી માની સંભાળ રાખજે. મારા પિતાની, મારાં ભાઈબહેનની પણ - પણ ભગવાન સૌથી પહેલાં તમે તમારી સંભાળ રાખજો, નહીં તો અમે બધાં જ ડૂબી જઈશું.'

●●●

એક વખત બર્ટાંડ રસેલ ઊંડા ચિંતનમાં ડૂબી ગયા હતા. એક જુવાન માણસ આવ્યો અને એણે કહ્યું કે,' શું તમે આમ તમારામાં જ ખોવાયેલા રહો છો?'રસેલે જવાબ આપ્યો કે,' જ્યારે જ્યારે હું ધનાઢ્યો અને પદાધિકારીઓને મળું છું અને વાત કરું છું ત્યારે ત્યારે મને એમ લાગે છે કે સુખ નામની કોઈ શક્યતા નથી. અને મારા માળી જોડે વાત કરું છું ત્યારે મને એમ લાગે છે સુખ સિવાય કોઈ શક્યતા નથી. '

●●●

તુકારામની વાણી છે,'અગ્નિ કોઈ દિવસ આમંત્રણ આપતો નથી. જે લોકો ઠંડીમાં થીજે છે એ લોકો હૂંફ માટે ત્યાં જાય છે. જળ કોઈ દિવસ આમંત્રણ આપતું નથી. જે લોકો તરસ્યા છે તે આપમેળે ત્યાં જાય છે. ઈશ્વર કહેતો નથી કે મારું ધ્યાન ધરો. જેને મોક્ષપ્રાપ્તિની ઝંખના હોય છે એજ ધ્યાન ધરે છે. કાલિદાસની વાણી પણ એ છે, ' ફળ આવે છે ત્યારે વૃક્ષો ઝૂકે છે. વાદળ જળથી ભરાય છે ત્યારે વરસે છે. સારા માણસો ઐશ્વર્યથી નમ્ર બને છે. કેવળ અભિમાનીઓ જ ધનથી છકી જાય છે. પ્રબળ સંકલ્પથી નિયતિને પણ બદલી શકાય છે.' એવી શ્રી અરવિંદની ઉક્તિ છે,' જ્ઞાન એ સતત ગતિ છે. ભૂતકાળના ભાર વિનાની.' એવી વાત કૃષ્ણમૂર્તિ કહે છે, 'મૈત્રી એ સમાનતા પર સ્થાપાયેલી સંવાદિતા છે અને અસમાનતા હોય ત્યાં મૈત્રી હોતી નથી.' સિમોન વેઈલનું આ કથન પણ ગમી જાય તેવું છે,'' પ્રત્યેક ગુલામ એ ઈશ્વરની સહી છે.' થિયોડર પાર્કરનું નિરીક્ષણ છે, આવા સંપાદનો જીવનની પ્રદિક્ષણાનું પરિણામ હોય છે.

(''શબ્દ... મારો પારસમણિ''માંથી)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ